# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત, (ISO 9001:2008 Certified)
Phone No: (0261) 2662903, Email Id:suratdeo@gmail.com

જા.નં./મા-૩/વશી-૫૦/ગ્રાન્ટેડ/૨૦૨૨/૧૯૯-૩૩ તા.૧૩/૧૦/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ,
(ગ્રાન્ટેડ), જિ. સુરત.

આ સાથે સામેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૯/૮૫૮/ગ તા.૧૦/૧૦/૨૦૨૨ તથા મદદનીશ શિક્ષણ નિયામક(માધ્યમિક), કમીશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/૧૮૭૬૫-૧૮૮૩૩ તા.૧૦/૧૦/૨૦૨૨ મુજબ જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત.જિ.સુરત.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ -૯ અને ૧૦નો એક એક વર્ગ ધરાવતી શાળાઓને કુલ ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના મહેકમને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૮૫૮/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૧૦/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૮/૧૯૭૭નો ઠરાવ ક્રમાંક: જીએસી૧૦૭૭-૫૦૭૭૭-ગ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૭/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૧૫/૧૨૧/ગ.૧.

(૩) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૧૬/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અનદ-૧/ ઘ/ માધ્ય/ ૨૦૧૯/ ૨૯૦૮૩.

(૪) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૩૦/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/ ૨૦૨૧/ ૧૦૨૦૪.

આમુખ:-

વિભાગના તા.૦૬/૦૮/૧૯૭૭ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં વર્ગદીઠ શિક્ષકોનું પ્રમાણ નિયત થયેલ છે. આ ઠરાવની જોગવાઈ મુજબ એક(૧) વર્ગ ધરાવતી માધ્યમિક શાળાને વર્ગદીઠ ૧.૫ શિક્ષક તથા બે(૨) વર્ગ ધરાવતી શાળાને વર્ગદીઠ ૩ શિક્ષક મળવાપાત્ર થાય છે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી દ્વારા તા.૧૬/૧૦/૨૦૧૯ના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના અને તા.૩૦/૦૬/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના પત્રથી રાજ્યમાં ધોરણ ૯ અને ૧૦ નો એક-એક વર્ગ ધરાવતી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય સુચારૂ રીતે ચાલી શકે તે હેતુસર આવી શાળાઓમાં ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના શૈક્ષણિક સેટઅપને મંજૂર કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦નો એક-એક વર્ગ ધરાવતી શાળાઓ પૈકી બન્ને વર્ગોમાં ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ વિદ્યાર્થી અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી હોય તેવી શાળાઓ માટે કુલ ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના શૈક્ષણિક સેટઅપને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ નવા શૈક્ષણિક સેટઅપના કારણે નવી ઉભી થનાર ૧૫૧૨ શિક્ષકોની જગ્યાઓ ઉભી કરવા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં નવી બાબત સ્વરૂપે દરખાસ્ત રજૂ કરી જરૂરી ખર્ચની જોગવાઇ કમિશનરશ્રી શાળાઓની કચેરીએ કરાવી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૩/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક/ધો/માધ્ય/અનુદાન/૨૦૨૨/૧૮૭૬૫-૧૮૮૩૩
કમિશનરશ્રી, મ.ભો અને શાળાઓની કચેરી
બ્લોક નં. ૯, ડૉ જીવરાજ મહેતા ભવન
ગુ.રા. ગાંધીનગર તા. ૧૦/૧૦/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
તમામ

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦ નો એક-એક વર્ગ ધરાવતી શાળાઓને કુલ ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના મહેકમને મંજુરી આપવા અંગે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૨૯/૮૫/ગ, તા. ૧૦/૧૦/૨૦૨૨ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

K.M.Joshi
મદદનીશ શિક્ષણ નિયામક (માધ્ય.)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- સંયુક્ત શિક્ષણ નિયામક(૧૦+૨), શાખા, સદર કચેરી.
- સંયુક્ત નિયામકશ્રી (હિસાબ), હિસાબી શાખા, સદર કચેરી